તાત્કાલિક/સમય મર્યાદા

8857-92

ક્રમાંક : ઉમબ/ઉમા.૮–૯/વર્ગ–૪ ભરતી/૨૦૧૪/
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો. જી. મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૫ –૧૧–૨૦૧૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :– એક પણ વર્ગ–૪ પટાવાળા નથી તેવી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓમાં વર્ગ–૪ પટાવાળા ની આઉટ સોર્સીંગથી ભરતી કરવા અંગે.

સંદર્ભ :– ૧. શિ.વિ.ના તા. ૨૬–૧૦–૨૦૦૯ ના ઠરાવ નં. બમશ/૧૧/૨૦૦૯/૩૬૦૦૭૧/ગ
૨. સા.વ.વિ.ના ૧–૪–૧૦ ઠરાવ નં. મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)/ખ.૩
૩. શિ.વિ.ના તા.૧–૮–૨૦૧૧ ના ઠરાવ નં. બમશ/ ૧૧૦૯/ઓડી/૦૮/ગ

ઉપરોકત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં સવિનય જણાવવાનુ કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૨૬–૧૦–૨૦૦૯ ના ઠરાવ નં. બમશ/૧૧/૨૦૦૯/૩૬૦૦૭૧/ગ થી રાજયની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ–૪ પટાવાળાની ની જગ્યાનુ સેટ અપ નકકી કરવામાં આવેલ છે.

સરકારશ્રીના શિ.વિ.ના તા.૧–૮–૨૦૧૧ ના ઠરાવ નં. બમશ/ ૧૧૦૯/ઓડી/૦૮/ગ થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ–૪ ની જગ્યાઓ અંગેની કામગીરી આઉટ સોર્સીંગથી લેવાની સરકારશ્રીની નીતિ નકકી થયેલ છે તેમ જણાવવામાં આવેલ છે.

રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જયાં એક પણ વર્ગ–૪ પટાવાળા ન હોય તેવી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ–૪ પટાવાળા ની ભરતી કરવા માટે એન.ઓ.સી. આપવાની અને આ જગ્યા ઉપર સરકારશ્રીના તા. ૧–૮–૨૦૧૧ ના ઠરાવ ની જોગવાઈ અનુસાર આઉટ સોર્સીંગથી ભરતી કરવા નીચે મુજબની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે .

૧. સરકારશ્રીના પ્રવર્તમાન અને વખતોવખતના અને સ્થાયી સુચનાઓ પ્રમાણે તથા શિક્ષણ વિભાગના તારીખ ૨૬–૧૦–૨૦૦૯ ના ઠરાવ નં. બમશ/૧૧/૨૦૦૯/૩૬૦૦૭૧/ગ તથા તા.૧–૮–૨૦૧૧ ના ઠરાવની જોગવાઈ અનુસાર વર્ગ–૪ પટાવાળાની ભરતી કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨. જે શાળામાં એક પણ વર્ગ–૪ પટાવાળા નથી તેવી જ શાળાઓમાં જ વર્ગ–૪ પટાવાળાની ભરતી કરવાની છે જેથી આપની કક્ષાએથી પૂરતી ચકાસણી કરીને જ વર્ગ–૪ પટાવાળાની ભરતી કરવાની કાર્યવાહી કરવી.

૪. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧–૪–૧૦ ઠરાવ નં. મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)/ખ.૩ ની બોલીઓ અને શરતો પ્રમાણે વર્ગ–૪ પટાવાળાની જગ્યા ઉપર આઉટ સોર્સીંગથી ભરતી કરવાની રહેશે.

માનનીય આયુકતશ્રીના શાખા નોંધ પરના આદેશ અનુસાર

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨, ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ થવા સારુ....
સંયુકત સચિવશ્રી,માધ્યમિક, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર